અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

મહાનગર સેવા સદન

જાહેરખબર ક્રમાંક :૦૫ / ૨૦૧૫-૧૬

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમલા નહેરૂ પ્રાણીસંગ્રહાલય, કાંકરીયા ખાતે નીચે જણાવેલ જગ્યા ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી આસી. મેનેજરશ્રી (ઈન્ટરવ્યુ), સેન્ટ્રલ ઓફિસ, સરદાર પટેલ ભવન, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, દાણાપીઠ, અમદાવાદ-૧ ને તા.૦૬/૦૮/૨૦૧૫ સાંજે ૫:૩૦ કલાક સુધીમાં મળે તે રીતે નિયત ફોર્મમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

| જગ્યાનું નામ અને સંખ્યા | પગાર ગ્રેડ | લાયકાત |
|---|---|---|
| સહાયક બાયોલોજીસ્ટ-૦૧-બિનઅનામત | નિમણુંકના પ્રથમ વર્ષ માટે રૂા. ૯૩૦૦/-,બીજા વર્ષે રૂા.૧૦૯૫૦/-, ત્રીજા વર્ષે રૂા.૧૨૬૦૦/- માસિક ફીક્સ વેતન ત્યારબાદ કામગીરીના મુલ્યાંકનને ધ્યાને લઈ રૂા.૯૩૦૦/૩૪૮૦૦ (ગ્રેડ પે ૪૪૦૦ પીબી ૨) + નિયમ મુજબ મળી શકતાં અન્ય ભથ્થાં | ૧. કોઈપણ માન્ય યુનિવર્સીટીના ઝૂઓલોજી અથવા બોટની અથવા વેટરનરી સાયન્સ શાખાના સ્નાતક<br>૨. વન્ય પ્રાણી અભ્યારણ અથવા પ્રાણીસંગ્રહાલયના વન્ય પ્રાણીઓની વિશિષ્ટતાઓ ખોરાક, પ્રજનન તથા સામાન્ય રખરખાવના જ્ઞાન સાથેનો એક વર્ષનો અનુભવ<br>૩. CCC પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ. |
| ઉંમર: ૧૮ થી ૪૫ વર્ષ સિવાય કે અ.મ્યુ.કો.માં નોકરી કરતા હોય. | | |

-: નિયત ફોર્મમાં અરજદારે અરજી કરતી વખતે ધ્યાનમાં લેવાની અગત્યની સુચનાઓ :-

૧. સદરહું જગ્યા માટે નિયત ફોર્મમાં અરજી કરવા માટે અરજદારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ **ahmedabadcity.gov.in** ની **Recruitment Link** પરથી નિયત ફોર્મ ડાઉનલોડ કરવાનું રહેશે. ફોર્મ ડાઉનલોડ કર્યા બાદ અરજદારે સ્વહસ્તાક્ષરમાં જરૂરી વિગતો ભરી જરૂરી પ્રમાણપત્રો સાથે અરજીપત્રક નિયત સમયમર્યાદામાં ઉપરોક્ત જણાવેલ સરનામે રૂબરૂ/રજીસ્ટર પોસ્ટ એ.ડી./સ્પીડપોસ્ટ/કુરીયરથી મોકલી આપવાનું રહેશે.

૨. ઉમેદવારે અરજી સાથે શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ ઉંમર અંગેના પ્રમાણપત્રોની પ્રમાણીત કરેલ નકલો ફરજીયાતપણે સામેલ કરવાની રહેશે.

**A.** શૈક્ષણિક લાયકાતમાં ઉમેદવારે જાહેરાતમાં નિયત કરેલ શૈક્ષણિક લાયકાત મુજબ તમામ વર્ષની માર્કશીટ, એટેમ્પ્ટ સર્ટી. (ટ્રાયલ સર્ટી.) તેમજ ડીગ્રી સર્ટી. અચૂક પણે રજુ કરવાના રહેશે.

જો યુનિ.ની માર્કશીટમાં ટકાવારીને બદલે ગ્રેડ, સી.પી.આઈ. કે સી.જી.પી.એ. દર્શાવેલ હશે તો તેવા કિસ્સામાં ઉમેદવારે ગ્રેડ / સી.પી.આઈ. / સી.જી.પી.એ.માંથી ટકાવારી દર્શાવતું માન્ય કન્વર્ઝન કોષ્ટક સામેલ કરવાનું રહેશે.

**B.** જાહેરાતમાં માંગ્યા મુજબની શૈક્ષણિક લાયકાત / ડીગ્રી મેળવ્યા બાદનો જ અનુભવ ધ્યાને લેવામાં આવશે. તે પહેલાનો અનુભવ કોઈપણ સંજોગોમાં માન્ય ગણાશે નહિ.

**C.** અનુભવના પુરાવા તરીકે અરજદારે જે તે માન્ય સંસ્થાનું ઈન્વર્ડ / આઉટવર્ડ નંબર તથા તારીખ સહિતનું જ પ્રમાણપત્ર સામેલ કરવાનું રહેશે. માત્ર ઓફર લેટર કે એપોઈન્ટમેન્ટ લેટર અનુભવના પુરાવા તરીકે અમાન્ય ગણાશે. પરંતુ જો તેની સાથે વખતો વખત સંસ્થા દ્વારા અપાયેલ ઈજાફા કે પ્રમોશનના હુકમો, પગાર સંબંધિત પુરાવા કે અન્ય આધારભુત ગણી શકાય તેવા પુરાવાઓ સામેલ કરેલ હશે તો તેની પુરતી ચકાસણી કર્યા બાદ યોગ્ય જણાયેથી તેવો અનુભવ માન્ય ગણવામાં આવશે.

**D.** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નોકરી કરતા ઉમેદવારોએ ફરજીયાત પણે જ્યારે જ્યારે જે હોદ્દા ઉપર પ્રમોશન કે સિલેકશનથી ફરજ બજાવેલ હોય તે અંગે સક્ષમ સત્તા પાસેથી અનુભવનું પ્રમાણપત્ર મેળવી, તે અંગેના તમામ જી.ડી.ઈએસટી.ની નકલો તેમજ માહે - જુલાઈ- ૨૦૧૫ની પગારસ્લીપ અરજી ફોર્મની સાથે સામેલ કરી ખાતા મારફતે જ અરજી મોકલવાની રહેશે.

**E.** ઉંમરના પુરાવા તરીકે સ્કુલ લીવીંગ સર્ટી. / જન્મ તારીખનું પ્રમાણપત્ર ફરજીયાત પણે રજુ કરવાનું રહેશે.

૩. તમામ ઉમેદવારોના કિસ્સામાં વયમર્યાદા, શૈક્ષણિક લાયકાત, વધારાની લાયકાત અને અનુભવ અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે.

૪. નોકરી કરતાં ઉમેદવારોએ તેઓના ખાતા મારફતે અરજી મોકલવાની રહેશે.

૫. મહિલા ઉમેદવાર જો તેમના પિતાને બદલે પતિના નામે અરજી કરવા માંગતા હોય તો તેમણે લગ્ન રજીસ્ટ્રેશનની નકલ અરજીપત્રક સાથે ફરજીયાતપણે સામેલ કરવાની રહેશે.

૬. અધૂરી વિગતોવાળી, નિયત ફોર્મમાં ન હોય તેવી, અધૂરા પ્રમાણપત્રોવાળી, છેલ્લી તારીખ બાદ મળેલ અરજીઓ અમાન્ય ગણાશે તેમજ સ્વીકારવાની છેલ્લી તારીખ બાદ મોકલેલ પ્રમાણપત્રો અમાન્ય ગણાશે.

૭. અરજીપત્રકમાં દર્શાવેલ વિગતોમાં પાછળથી કોઈપણ સંજોગોમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહિ.

૮. ઉમેદવારોએ લેખિત પરીક્ષા / ઈન્ટરવ્યુ માટે સ્વખર્ચે આવવાનું રહેશે.

૯. પસંદગીના અધિકારો સક્ષમ સત્તા દ્વારા નક્કી કરેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટાફ સિલેક્શન કમિટી/ મ્યુનિસિપલ કમિશનરશ્રી પાસે અબાધિત રહેશે અને આ કમિટી/ મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૧૦. પસંદગી પામેલ ઉમેદવારની નિમણુંક સત્તાધારી ઠરાવે તે શરતોને આધિન રહેશે.

૧૧. ઉમેદવારે અરજીમાં કોઈપણ વિગત ખોટી બતાવેલ હશે અથવા ભરતી પ્રક્રિયાના કોઈપણ તબક્કે ખોટી માલૂમ પડશે તો તેમની અરજી જે તે તબક્કે રદ્દ કરવામાં આવશે તથા તેણે લાયકીધોરણ (**Passing Standard**) મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગીથી નિમણુંક પામેલ હશે તો પણ તેમની નિમણુંક રદ્દ ગણાશે. તેમજ ભવિષ્યમાં પણ ઉમેદવારે નિમણુંક સમયે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ અને અન્ય પુરાવા ખોટા માલૂમ પડશે કે શંકાસ્પદ જણાશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આવા ઉમેદવારની પસંદગીથી નિમણુંક થયેલ હશે તો કોઈપણ તબક્કે નિમણુંક રદ્દ કરવામાં આવશે.

૧૨. સીધી કે આડકતરી રીતે સ્ટાફ સિલેક્શન કમિટિના સભ્યો ઉપર લાવવામાં આવેલ દબાણ ઉમેદવારની ગેરલાયકાતમાં પરિણમશે.

૧૩. આપેલ જાહેરખબર કોઈ પણ કારણોસર રદ્દ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેવા સંજોગોમાં તેમ કરવાનો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે. અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહિ.

તા.૨૨/૦૭/૨૦૧૫ સહી/-

મ્યુનિ. કમિશનર